©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXIV] THURSDAY, 21st DECEMBER, 2023/AGRAHAYAN 30, 1945 [No. 170**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**સીટી પ્લાનીંગ ખાતુ, ત્રીજો માળ, બ્લોક-બી,**
**સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૦૧.**

## અધિસુચના

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૫૪/જી(કમોડ)નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા અંગે**

ક્રમાંક : ટીપીએસ/જનરલ/૩૧૭૬/૨૦૨૩.-અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટીના ઠરાવ નં. ૧૦૨, તા. ૧૩-૦૩-૨૦૨૩ તથા મ્યુનિ. જનરલ બોર્ડના ઠરાવ નં. ૯૪૮, તા. ૨૯-૦૩-૨૦૨૩થી સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૫૪/જી(કમોડ) બનાવવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૧(૧)ની જોગવાઈઓને આધીન ઈરાદો જાહેર કરવામાં આવેલ છે, અને જાહેર કરેલ ઈરાદાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ નામ. રાજ્ય સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પાર્ટ-૨માં તા. ૧૦-૦૪-૨૦૨૩ના રોજ NO. ૫૫, VOL.LXIV પાના નં. 136 તથા 137 ઉપર તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્ર ''નવગુજરાત સમય'' અને ''દિવ્ય ભાસ્કર'' માં તા. ૧૩-૦૪-૨૦૨૩ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

આમ, તા. ૨૯-૦૩-૨૦૨૩થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૫૪/જી(કમોડ) બનાવવા માટેનો ઈરાદો જાહેર કરવામાં આવેલ, જે અનુસંધાને અ.મ્યુ.કો. દ્વારા સદરહુ યોજનાની કામચલાઉ દરખાસ્તો તૈયાર કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ વિનિયમ-૧૯૭૯ના રૂલ્સ નં. ૧૭ મુજબ સબંધકર્તા અને હિતસબંધ ધરાવનાર વ્યક્તિઓને વ્યક્તિગત તથા જાહેર નોટીસ આપી તેઓની સાથે ''કમોડ પ્રાથમિક શાળા, ગાય સર્કલ પાસે, સરખેજ-અસલાલી રીંગ રોડ, કમોડ, અમદાવાદ ખાતે તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજ સુચનો મેળવવા માટે ઓનર્સ મીટીંગ યોજવામાં આવેલ, સદર ઓનર્સ મીટીંગની કામ ચલાઉ દરખાસ્ત અંગે આવેલ વાંધા/સૂચનોને ગુણવત્તાના ધોરણે ધ્યાને લઇ સદરહુ યોજનાની મુસદ્દારૂપ દરખાસ્તો તૈયાર કરવામાં આવેલ છે.

અ.મ્યુ.કો. દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) હેઠળ સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામતા શખ્શોના વાંધા/સૂચનો મેળવવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૪ હેઠળ યોજનાના મુસદ્દામાં સમાવિષ્ટ કરવાની થતી તમામ વિગતો સહ તૈયાર કરેલ યોજનાની દરખાસ્તને આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ વિનિયમ-૧૯૭૯ નિયમ નં.-૧૮(૨) અન્વયે ઉપરોક્ત અધિસુચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેલ મુસદ્દાની એક નકલ ચીફ સીટી પ્લાનરશ્રીની કચેરી ખાતે ઉપરના સરનામે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા સારું ખુલ્લી મુકવામાં આવેલ છે. સદર યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્ર (ગેઝેટ)માં પ્રસિદ્ધ થયેથી એક માસની સમય મર્યાદામાં, સદર યોજનાથી અસરકર્તા કોઈપણ વ્યક્તિ આ યોજનાનાં સંબંધમાં લેખીત વાંધા અને/અથવા સુચનો ચીફ સીટી પ્લાનરશ્રી, સીટી પ્લાનીગ ખાતુ, અ.મ્યુ.કો.ની કચેરી ખાતે લખી જણાવશે તો તે લેખીત વાંધા/સુચનો અ.મ્યુ.કો. દ્વારા સદરહુ યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરતા પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેવામાં આવશે, તેની નોંધ લેવા વિનંતી છે.


**સહિ/- અવાચ્ય**
મ્યુનિસિપલ કમિશ્નર

---

# DRAFT TOWN PLANNING SCHEME 154/G (KAMOD)

SCHEME AREA
42.2380 ha

PLAN NO - 3
O.P. - F.P.
PLAN




નોધ:-અહી દર્શાવેલ નકશાની વિગતો ફક્ત જાણ માટે જ છે.
જેને સતાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.
નોધ:-અહી દર્શાવેલ નકશાની વિગતો ફક્ત જાણ માટે જ છે.
જેને સતાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.
નોધ:-અહી દર્શાવેલ નકશાની વિગતો ફક્ત જાણ માટે જ છે.
જેને સતાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.
નોધ:-અહી દર્શાવેલ નકશાની વિગતો ફક્ત જાણ માટે જ છે.
જેને સતાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

LEGEND
- O.P. BOUNDARY
- F.P. BOUNDARY
- EXTENDED ROAD LINE
- SALE FOR RESIDENCE (S.F.R.)
- SALE FOR COMMERCIAL (S.F.C.) & OPEN COMMERCIAL USE(O.C.U.)
- SOCIAL AND ECONOMICAL WEAKER--SECTION HOUSING(S.E.W.S.H.)
- OPEN SPACE(O.S.), GARDEN,
- SOCIAL INFRASTRUCTURE(S.I.)
- ROADS

SCALE :- 1 CM = 20 MT

AS PER PUBLISH DT. /12/2023
(U/S 42(1) OF THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT 1976)

AHMEDABAD MUNICIPAL CORPORATION
CITY PLANNING DEPARTMENT
BLOCK-B, 3RD FLOOR, SARDAR PATEL BHAVAN
DANAPITH, AHMEDABAD-380001
WEB SITE : www.ahmedabadcity.gov.in